# છત્રાલ લૂંટ - હત્યા કેસના ત્રણ આરોપી પકડાયા : ૪૬ મોબાઈલ જપ્ત

## છરી વડે હુમલો કરી મોબાઈલની લૂંટ કરતી ટોળકીને એલ.સી.બી.એ દબોચી લીધા



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ પાસે આવેલા ધાનોટ ગામની સીમમાં ગત તા. ૧૦-૭-૧૯ ના રોજ લુંટ અને હત્યાનો બનાવ બન્યો હતો. આ લુંટ અને હત્યાના ત્રણ આરોપીને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યા છે.પોલીસે આરોપીઓ પાસેથી ૪૬ મોબાઈલ ફોન કિં.રૂ.૧,૦૦,૩૦૦ તેમજ રોકડ રૂ. ૧૫,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ કલોલ તાલુકાના છત્રાલ ધાનોટ સીમમાં ગત તા.૧૦ જુલાઈના રોજ રાત્રીના સમયે કિષ્ણારામ ચિમ્મારામ બિશ્નોઈને લુંટના ઈરાદે છાતી તેમજ પીઠના ભાગે ઘા મારી હત્યા નિપજાવી હતી. બનાવને પગલે રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા અને એસપી મયુર ચાવડા ઘટના સ્થળે દોડી ગયા હતા. બંન્ને પોલીસ અધિકારીઓએ ગુનાનો ભેદ શોધી કાઢી તાત્કાલીક આરોપીઓને પકડી પાડવા આદેશ આપતા જિલ્લા પોલીસ તંત્ર દોડતું થઈ ગયું હતું. એલસીબી પીઆઈ નીરજ પટેલની ટીમના કોન્સ્ટેબલ રાજવીરસિંહ અને વિજયસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ત્રણ યુવકો પલ્સર બાઈક નં. જી.જે.૦૨.ડી.બી.-૭૧૩૫ પર લુંટી લીધેલા મોબાઈલ ફોન વેચાણ માટે ફરે છે અને તેરસાપરા ચોકડી થી પસાર થવાના છે. જેને પગલે એલસીબી પોલીસે તેરસાપરા ચોકડી પાસેથી અજય ઉર્ફે ગટીયો રામજીભાઈ પરષોતમભાઈ વાઘેલા રહે. કડી શકકરપુરા મલ્લીવાસ,તા.કડી, જી.મહેસાણા હાલ રહે. કુંડાળ શાંતીવનમાં ભાડેથી તા.કડી, જી મહેસાણા, મુળ રહે. પીપળજ તા.દહેગામ જી.ગાંધીનગર, શાહરૂખ મિરખાનભાઈ સુલતાનભાઈ ચૌહાણ ઉં.વ.૨૦ રહે.રાજપુર ગામ, તા.કડી. જી.મહેસાણા મુળ રહે. વડાવલી તા.ચાણસ્મા, જી.પાટણ તેમજ વસીમ ઉર્ફે સાહીલ નિઝામુદીન હસુભાઈ ઘોરી રહે. છેલ્લા વાસ લોર બાવલુ તા.કડી.જી.મહેસાણા ત્રણેયને પકડી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી પોલીસે પલ્સર બાઈક, લુંટ ચોરીના ૪૬ મોબાઈલ તેમજ રોકડા ૧૫ મળીને કુલ રૂ. ૧,૬૫,૮૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. કલોલમાં -૩ કડીમાં-૩ અને નંદાસણમાં બે ગુના સહિત કુલ ૪૬ મોબાઈલ લુંટના ગુના કર્યા છે.

### આરોપીઓના મુખ્ય શિકાર પરપ્રાંતિય નાગરીકો

એકલા જતા પરપ્રાંતિયોને આરોપીઓ મોટાભાગે પોતાનો શિકાર બનાવતા હતા. તેઓ છરી બતાવી નાની મોટી ઈજાઓ કરીને મોબાઈલ ફોન, તેમજ રોકડ સહિતની ચીજવસ્તુઓની લુંટ કરતા હતા. સ્થાનિક નાગરીકો અને પોલીસ સાથે જોડાયેલા ના હોય તેવા પરપ્રાંતિય નાગરીકોને તેઓ પોતાનો ટાર્ગેટ બનાવતા હતા.



ગાંધીનગરના સે-૨ ૩માં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી પરંપરાગત રીતે કરવામાં આવી હતી. જેમાં આચાર્ય ડૉ. ચેતના બુચ અને બે સુપરવાઈઝર શિક્ષકોનું ધો-૧૧ની બે વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રતિક પૂજન કરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના સ્થાપકો અને પૂર્વસંચાલકોને યાદ કરી વિદ્યાર્થીઓને ગુરુનું જીવનમાં મહત્વ સમજાવાયું હતું. વિદ્યાર્થીનીઓએ શાળાના તમામ કર્મચારીઓનું અક્ષત-કુમકુમથી પૂજન કર્યુ હતું.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેનો, બે દિવસ પાણી ન આવ્યું એટલે પાણીનું સાચું મૂલ્ય સમજાઈ ગયું... હવે આપણે પાણી બચાવવા જરૂર કાંઈક કરવું પડશે...!!

# અમિત પારેખની નિમણૂકને પગલે ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈમાં ભડકો

## એનએસયુઆઈમાં જિલ્લા ઉપપ્રમુખ અને બે મહામંત્રી સહિત પાંચ કાર્યકરોએ રાજીનામા આપ્યા

ગાંધીનગર, તા.૧૯

તાજેતરમાં ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈના કાર્યકારી પ્રમુખ પદની કમાન અમિત પારેખના હાથમાં સોંપવામાં આવી છે. અમિત પારેખ ગુજરાત પ્રદેશ એનએસયુઆઈ મહામંત્રી અને પાટણ જિલ્લાના પ્રભારી તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ તરીકે નયન શ્રીમાળીને દુર કરી કાર્યકારી પ્રમુખ તરીકે અમિત પારેખની વરણી કરાતા કાર્યકરોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. કાર્યકારી પ્રમુખને લઈ એનએસયુઆઈમાં જિલ્લા ઉપપ્રમુખ તરીકે કામગીરી કરી રહેલા બિહોલા મિતેશસિંહ, જિલ્લા મહામંત્રી યોગેશ પાટીલ, કુલદિપસિંહ બિહોલા સહિત બે કાર્યકરોએ એનએસયુઆઈના પ્રદેશ પ્રમુખ મહિપાલસિંહ ગઢવીને રાજીનામાં ધરી દીધા છે.

ત્યારે ગાંધીનગર જિલ્લામાં એનએસયુઆઈને લઈ રાજકીય ગરમાવો જામ્યો છે. ત્યારે કાર્યકરોનું કહેવું છે કે અમે ઘણા સમયથી એનએસયુઆઈમાં કામ કરી રહ્યા છે.

પ્રદેશ કક્ષાએથી આપવામાં આવતા તમામ કાર્યક્રમમાં હાજર રહીએ છીએ, જયારે નયન શ્રીમાળીનો આપવામાં આવેલ નોટીસનો જવાબ રજુ કરે તે પહેલા નિમણુંક કરાઈ છે. ત્યારે એનએસયુઆઈના કાર્યકારી પ્રમુખનો નિર્ણય સ્થગીત કરી ફરીવાર વિચાર કરી વિદ્યાર્થી જગતમાં જેમનું નેતૃત્વ મજબુત હોય તેવા અસરકારક અને સક્રિય વિદ્યાર્થી આગેવાનની નિમણુંક કરવા માંગ કરાઈ છે. તે ઉપરાંત આ અંગે ઘટતુ નહી કરવામાં આવે તો કોલેજ પ્રમુખ, કેમ્પસ પ્રમુખ સહિતના પણ રાજીનામા આગામી સમયમાં પડશે તેમ યુવા કાર્યકરોએ જણાવ્યું છે.

# રવિવારે સે. ૨૨ જૈન દેરાસર ખાતે પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા.નું જાહેર પ્રવચન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સે.૨૨ના જૈન દેરાસર ખાતે જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરિ મહારાજ સાહેબ તથા તેમનો સંઘ ચાતુર્માસ અર્થે પધાર્યો છે. પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા. દ્વારા દરરોજ સવારે પ્રવચન આપવામાં આવે છે. પરંતુ દર રવિવારે તેમના દ્વારા ખાસ 'પરફેકટીંગ યુથ સેશન' પીવાયએસ પ્રવચન શ્રેણી અંતર્ગત ખાસ જાહેર પ્રવચન આપવામાં આવે છે. આગામી તા. ૨૧મી જુલાઈ રવિવારના રોજ પણ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન જીવનસ્પર્શી વિષયો પર હૃદયસ્પર્શી રજૂઆત કરતા જાહેર પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા શહેરની જાહેર જનતાને આયોજક ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનસંઘ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા.ને એક જ વ્યક્તિ દ્વારા વિવિધ વિષયો પર મહત્તમ સેમિનાર કરવા બાબતે ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન આપવામાં આવી ચુક્યું છે.

# આયુર્વેદ યુનિવર્સિટીના સેનેટની ચૂંટણી જંગમાં ભાજપની જ બે પેનલો સામ સામે

## કુલ ૭ સભ્યો માટેની ચૂંટણીમાં એક પેનલમાંથી ૧૩ અને બીજી પેનલમાંથી ૭ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે

ગાંધીનગર, તા. ૧૯

ભારતના વડાપ્રધાન સમગ્ર દેશમાં 'વન નેશન, વન ઈલેક્શન'નો સિદ્ધાંત અપનાવી દેશભરમાં લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણીઓ એક સાથે યોજાય તેવો પ્રયાસ કરી રહ્યાં છે. દેશમાં સમગ્ર વર્ષ દરમ્યાન ક્યાંકને ક્યાંક ચૂંટણીનો માહોલ ચાલુ જ હોય છે. જો લોકસભા, વિધાનસભામાં કે જિલ્લા-તાલુકા અથવા ગ્રામ પંચાયતની ચૂંટણીઓ ના હોય તો ક્યાંક મ્યુનિસિપલ કોર્પોરેશન કે નગરપાલિકાઓની ચૂંટણીઓ ચાલતી હોય છે. વળી, આટલી બધી ચૂંટણીઓના કારણે ઘણીવાર અનેક રસપ્રદ બાબતો જોવા મળે છે. જેવી અત્યારે જામનગરની સરકારી આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન રાજ્યભરની આયુર્વેદ કોજોમાં સેનેટની ચૂંટણીઓમાં જોવા મળી રહી છે. આ ચૂંટણીમાં ૭ પદ માટે બે પેનલ વચ્ચે જંગ ચાલી રહ્યો છે અને આશ્ચર્યની વાત તો એ છે કે બંને પેનલ ભાજપ તરફી ઉમેદવારોની છે.

યુનિવર્સિટીમાં જ ભાજપ-કોંગ્રેસ તરફી ઉમેદવારો સેનેટની ચૂંટણીઓમાં સામ સામે પેનલ બનાવી ઝંપલાવતા હોય છે તે સામાન્ય બાબત છે પરંતુ સરકારી આયુર્વેદ યુનિવર્સિટીની તા. ૨૮મી જુલાઈએ યોજાનાર સેનેટની ચૂંટણીમાં જે બે પેનલ સામસામે ટકરાઈ રહી છે તે બંને પેનલ ભાજપ તરફી જ હોવાનુ જાણવા મળ્યું છે. કુલ ૭ પદો માટે યોજાઈ રહેલી આ ચૂંટણીઓમાં અમદાવાદના વિષ્ણુભાઈ પટેલની પેનલમાંથી ૭ નહી પરંતુ ૧૩ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યાં છે જ્યારે ખોરજના હસમુખભાઈ પટેલની પેનલના ૭ ઉમેદવારોએ તેમની સામે પેનલ બનાવી ઝંપલાવ્યું છે. આમ કુલ ૨૦ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. જે તમામ ભાજપ તરફી હોવાને કારણે સેનેટનો ચૂંટણી જંગ રસપ્રદ બન્યો છે.

# વરસાદ ખેંચાતા નર્મદાનું પાણી આપવા ઉત્તર ગુજરાતના ખેડૂતોની રાવ

ગાંધીનગર, તા. ૧૯

આજે ગાંધીનગરમાં બનાસકાંઠાના થરાદ તાલુકાના ગણેશપુરા ગામના ખેડૂતોએ સિંચાઈ માટે પાણી ના મળતુ હોવાની રાવ સાથે સરદાર સરોવર નર્મદા નિગમના સચિવને આવેદનપત્ર આપ્યું હતું. અગાઉ પણ ખેડૂતો આ સમસ્યા અંગે રજુઆત કરી ચુક્યા છે છતાં હજુ તેનો ઉકેલ આવ્યો નથી તેવુ જણાવતા આશરે વીસથી પચીસ ખેડૂતોનું પ્રતિનિધિમંડળ સચિવાલય સંકુલ ખાતે આવ્યું હતું.

આ વખતે ચોમાસામાં ફરી એકવાર ઉત્તર ગુજરાતમાં ઓછો વરસાદની સમસ્યા વર્તાઈ રહી છે. થરાદ તાલુકાના ગણેશપુરા ગામના ખેડૂતોને સિંચાઈ માટે નર્મદા નહેરની ઢીમા બ્રાંચમાંથી સવપુરા ડિસ્ટ્રીબ્યુશન અંતર્ગત ગણેશપુરા-૧ માઈનોર અને ગણેશપુરા-૨ એ રીતે પાણી મળે તેવી વ્યવસ્થા છે પરંતુ વરસાદ ખેંચાવા છતાં ખેડૂતોને પાણી ના મળતા આ વિસ્તારમાં ખેતી તથા પશુધન માટે ઘાસાચારાની સમસ્યા ઉભી થવા પામી છે. ખેડૂતો દ્વારા નર્મદાનું પાણી આપવા માટે થરાદ ખાતેની ઓફિસે પણ વારંવાર રજૂઆત કરવામાં આવી છે તેમજ સરદાર સરોવર નર્મદા નિગમમાં પણ રજૂઆત કરવામાં આવી ચુકી છે છતાં તેમની સમસ્યાના નિરાકરણ અંગે કોઈ પગલાં લેવામાં આવ્યાં ના હોવાથી આજે તેમણે નિગમના સચિવને આવેદનપત્ર આપ્યું હતું.




શહેરની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ગુરૂપૂર્ણિમા પર્વની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓએ ગુરૂપૂર્ણિમા પર્વ અંગે તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમમાં અખિલ આંજણા કેળવણી મંડળના ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, સેંધાભાઈ ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી, ખજાનચી મણીભાઈ ચૌધરી ઉપરાંત આર્ટસ-કોમર્સ કોલેજના કન્વીનર રણછોડભાઈ ચૌધરી વગેરેએ ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે ડૉ. અંબાલાલ પ્રજાપતિએ વિદ્યાર્થીનીઓને ભારતીય સંસ્કૃતિની પરંપરાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં ઝુંપડપટ્ટીના બાળકોને ભણાવવાની સેવા આપતી વિદ્યાર્થીનીઓ પિનલ જાદવ, રિદ્ધિ સિંધવ અને શિખા સિંધવનું અભિવાદન કરાયું હતું. કાર્યક્રમું આયોજન સંચાલન ડૉ. લીના સ્વાદીયા, પ્રો,. ગીતાબેન ચૌધરી તથા પ્રો. પ્રતિમાબેન છનિયારાએ કર્યું હતું.

# છાલા ખાતે દિવ્યાંગો અને વયોશ્રી પાત્રતા કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ભારત સરકાર તથા ગુજરાત સરકાર તેમજ ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ, કાનપુર ( અલિમકો) અને જિલ્લા વહીવટી તંત્ર ગાંધીનગરના સંયુકત ઉપક્રમે જિલ્લાનાં દિવ્યાંગજનો તથા વયોશ્રીને સાધન સહાય વિતરણ કરવા પાત્રતા ચકાસણી કેમ્પ છાલા, સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે યોજાયો હતો.



આ પાત્રતા ચકાસણી (મૂલ્યાંકન) કેમ્પમાં આજુબાજુનાં ગામોમાંથી ઉપસ્થિત વયોશ્રી અને દિવ્યાંગોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૯૨ વયોશ્રી અને ૧૦૭ દિવ્યાંગોની ચકાસણી કરી પસંદગી કરવામાં આવી હતી.

પ્રારંભમાં પ્રાંત અધિકારી જે. એમ. ભોરણીયાએ કેમ્પમાં કરાયેલ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યુ હતું. જેમાં દિવ્યાંગો અને વયસ્કોને લાવવા લઈ જવાની વ્યવસ્થા, રજીસ્ટ્રેશનની વ્યવસ્થા તેમજ પીવાનું પાણી, અલ્પાહાર અને બેઠક વ્યવસ્થાનું સુંદર આયોજન જોવા મળયું હતું. ભોરણીયાએ ત્યારબાદ કૃત્રિમ અંગ નિર્માણ કાનપુરની ટીમ અને ઉપસ્થિત તબીબી ચકાસણી ટીમને માર્ગદર્શન પૂરૂ પાડયુ હતું. કેમ્પમાં આજુબાજુના ગામોમાંથી ઉપસ્થિત દિવ્યાંગ અને વયષ્ક વ્યકિતઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કૃત્રિમ અંગ નિર્માણ કાનપુરની ટીમના સભ્યો, પ્રાંત અધિકારી જે.એમ. ભોરણીયા, તાલુકા હેલ્થ ઓફિસર હરેશ ત્રિવેદી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સંજય દેસાઈ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી સંજય પટેલ, મામલતદાર સુનીલભાઈ રાવલ તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડો. અનુજ શાહ તેમજ વિવિધ તબીબી ટીમ અને પેરામેડીકલ સ્ટાફ ઉપસ્થિત રહયો હતો.

# ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજમાં રંગકલા કૌશલ્ય ધારા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરના સેક્ટર-૭માં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે સપ્તધારા અંતર્ગત રંગકલા કૌશલ્ય ધારાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમાં સે. ૨૦ ખાતેની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ચિત્રકલા નિષ્ણાંત બિપીનભાઈ સથવારાએ વિદ્યાર્થીનીઓ સમક્ષ ચિત્રકળા અંગે વિવિધ આયામોની ઉદાહરણ સહિત ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી તથા ડૉ. મીનાબેન વ્યાસ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ વિષયો પર ચિત્ર બનાવ્યા હતા. કાર્યક્રમમાં પ્રાધ્યાપક ડૉ. રાકેશ પટેલે સંયોજક તરીકેની સેવાઓ આપી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# અમદાવાદમાં ત્રણ દિવસીય ટુરિઝમ ફેર ૨૦૧૯નો પ્રારંભ

અમદાવાદ, તા. ૧૯

બ્લુ આઈ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આયોજિત ત્રણ દિવસીય ટુરિઝમ ફેર ૨૦૧૯નો આજે ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે ૨૧ જુલાઈ સુધી ચાલશે. ટુરિઝમ ફેર ૨૦૧૯નો મુખ્ય ઉદ્દશ્ય અતુલ્ય ભારત કેમ્પેઈનના વિવિધ પાસાઓને બળ આપવાનો તથા પ્રવાસનનો શોખ ધરાવતા લોકોને પ્રવાસ સંબંધિત વિશ્વસનીય માહિતી તથા બુકિંગ સંબંધિત જાણકારીઓ પ્રદાન કરવાનો છે.

ભારતમાં પ્રથમવાર એડવેન્ચર ટુરિઝમ ઉપર કેન્દ્રિત આ ફેરમાં દેશના વિવિધ પ્રદેશોના આશરે ૭૦ થી વધુ ટ્રાવેલ ટ્રેડ મેમ્બર્સની સાથે સાથે ટુર ઓપરેટર્સ ભાગ લઈ રહ્યાં છે.

આ પ્રસંગે ડાયરેક્ટર-પ્રોજેક્ટ્સ સુબ્રતા ભૌમિકે જણાવ્યું હતું કે, 'અમને વિશ્વાસ છે કે આ ત્રણ દિવસીય એક્ઝિબિશન રાજ્યમાં નવી કારોબારી તકોના સર્જન કરશે અને ટ્રાવેલ ટ્રેડની પ્રવૃત્તિઓને બળ આપવામાં મદદરૂપ બનશે. તે મુલાકાતીઓ ટ્રાવેલ ટ્રેડ મેમ્બર્સ અને ઉદ્યોગ સાથે સંકળાયેલા હીતધારકોને વિચારોના આદાન-પ્રદાન અને નેટવર્કિંગ માટે મજબૂત પ્લેટફોર્મ પુરૂ પાડશે.'

ઉલ્લેખનીય છે કે ટુરિઝમ ફેર ૨૦૧૯ને હોસ્ટ સ્ટેટ તરીકે ગુજરાત ટુરિઝમ, ડાયમંડ સ્પોન્સર તરીકે રાજસ્થાન ટુરિઝમનો સહયોગ પ્રાપ્ત છે. તેમાં હિમાચલ પ્રદેશ ટુરિઝમ, મધ્યપ્રદેશ ટુરિઝમ, જમ્મુ એન્ડ કાશ્મીર, ચંદીગઢ ટુરિઝમ વગેરે ભાગ લઈ રહ્યાં છે.

દિવાળીની રજાઓમાં મોટી સંખ્યામાં લોકો પ્રવાસનું આયોજન કરતાં હોય છે ત્યારે વિવિધ રાજ્યોના પ્રવાસન વિભાગોના સહયોગથી આયોજિત ટુરિઝમ ફેર પ્રવાસીઓ અને હીતધારકોને એક છત નીચે ભેગા મળીને માહિતીની આપ-લે કરવાનું મજબૂત પ્લેટફોર્મ બની રહેશે.

# રાઈડ્સ દુર્ઘટના બાદ કઠોર નિયમ ઘડવા માટેનો નિર્ણય

અમદાવાદ,તા.૧૯

કાંકરીયા ખાતે એમ્યુઝમેન્ટ પાર્કમાં રાઈડ તૂટી પડવાની ઘટનામાં વહીવટી તંત્ર દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરીને ઈજાગ્રસ્તોને તાત્કાલિક એલજી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવતા એકપણ વધારાની જીંદગી ગુમાવવી ન પડી હોવાનું ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. વિધાનસભાના નિયમોના નિયમ – ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત અંગે ગૃહમાં પ્રત્યુત્તર આપતા ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, કાંકરીયા ખાતે એમ્યુઝમેન્ટ પાર્કમાં રાઈડ તૂટી પડવાની ઘટનામાં બે વ્યક્તિના સ્થળ પર મૃત્યું થયા હતા. જ્યારે ૨૯ જેટલા ઈજાગ્રસ્તોને મ્યુ. કોર્પોરેશનની ટીમ, પોલીસ, ફાયરબ્રિગ્રેડ અને ૧૦૮ની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ત્વરિત સારવાર મળી રહે તે માટે તમામ ઘાયલોને એલજી હોસ્પિટલમાં સારવારની વ્યવસ્થા હાથ ધરવામાં આવી હતી.

**ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ**
બ્લોક નં.૧, પ્રથમ માળ, સેક્ટર-૧૦/એ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
ફોન નં. ૯૯૭૮૪-૪૧૧૪૮, ફેક્સ નં. ૦૭૯-૨૩૨૨૨૩૯૬

**જાહેર નિવિદા**

ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડની વડી કચેરી, ગાંધીનગરની અગત્યની ટપાલો કુરીયર મારફતે મોકલવા માટે માન્ય કુરીટર એજન્સીઓ પાસેથી માત્ર રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે.
(૧) કોરા ટેન્ડર ફોર્મ મેળવવાની તા.૨૨/૭/૨૦૧૯થી તા. ૨૯/૭/૨૦૧૯
(૨) ભરેલ ટેન્ડર પરત લેવાની છેલ્લી તા. ૬/૮/૨૦૧૯
(૩) ટેન્ડર ફી રૂ. ૫૦૦/- રોકડા ભરવાથી કોરા ટેન્ડર ફોર્મ આપવામાં આવશે.
(૪) બાનાની રકમ રૂ. ૧૦૦૦/-
**નોંધ : ગાંધીનગરમાં આવેલ એજન્સીઓએ જ ટેન્ડર ભરવાના રહેશે.**
માહિતી/૬૮૬/૧૯-૨૦